**રેગ્યુલર દિવાની મુકદમા નં.૨૩/૨૦૨૪ ના કામે આંક–૫ ની અરજી લગત હુકમ**

**(૧)** હાલના કામના વાદીએ વિજ્ઞાપન તથા કાયમી તાકીદની દાદ મેળવવાનો દાવો દાખલ કરેલ છે. તેમજ આ દાવા સાથે તેઓએ હાલની આંક–૦૫ થી સી.પી.સી. ઓર્ડર ૩૯, રૂલ–૧ અને ૨ અને કલમ ૫૧ મુજબ વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

**(૧.૧)** જેની ટુંકમાં હકિકત એવી છે કે, મોજે ગામ મલીયાતજ તા.વસો જી.ખેડા સીમ ખાતા નં.૭૦૧ (જુનો ખાતા નં.૬૬૨)થી આવેલ સર્વે નંબર. ૫૨૪ જેના કયારી હેકટર. ૦–૭૦–૮૨ પો.ખ.અ.હેકટર 0–03–૦૪ કુલ ક્ષેત્રફળ. હેકટર ૦–૭૩–૮૬ આર તે પૈકી હેકટર ૦૦–૩૬–૦૦ આકાર રૂા ૪.૬૯ પૈસાવાળી ખેતી વિષયક જમીન આવેલી છે.અને આ જમીનના મુળ માલીક નટુભાઈ મફતભાઈ, નંદુબેન મફતભાઈ ની વિધવા,ગાંડાભાઈમંગળભાઈ નાએ પ્રતિવાદી નં.(૧)ને વેચાણ દલ્તાવેજ નં.૬૬૪/૨૦૨૦ તા.૨૨/૧/૨૦૨૧ ના રોજ એન્ટ્રી ફેરફાર નં. ૧૯૦૯ થી વેચાણ નોધ પડેલી છે. અને જેના આધારે આ કામના પ્રતિવાદી નં.(૧)ની માલીકી કબજા ભોગવટાની આવેલી હતી અને સરકારી રેકડે દફતરે તેમના નામે ચાલતી હતી જેના ખુંટ આ રીતે હતા જેમાં પુર્વે :– મલીયાતજથી મજોરપુરા તરફનો રોડ છે. પશ્ચિમે :–રાયસીંહભાઈની જમીન છે ઉત્તરે :– મેલાભાઈની જમીન છે અને દક્ષિણે :–આ નંબર પૈકી બાકીની જમીન છે. એ રીતે ચાર ખુંટ વચલી દાવાવાળી જમીન આવેલી છે.તેના મુળ માલીક પાસેથી વેચાણ રાખેલી છે. અને પ્રતિવાદી નં.(૧)ની માલીકી આવેલી હતી વાદીને આ કામના પ્રતિવાદી નં.(૧) નાએ જમીન વેચવા કાઢેલી તેની જાણ વાદીની સાસરી વસો મુકામે થતી હોઈ અને અમારા ભતીજાએ જમીન વેચાવા અંગે વાતચીત કરેલી છે. તેની વાદીને જાણ થયેલી ત્યારબાદ વાદી તથા સગા સંબંધીને લઈને આ કામના પ્રતિવાદી નં.(૧)ના ત્યાં જમીન જોવા માટે ગયેલા અને વાદીને આ કામના પ્રતિવાદી નં. (૧) નાએ જમીન બતાવેલી તે જમીન પસંદ પડતા સોદો નકકી થયેલો અને વાદી તથા આ કામના પ્રતિવાદી નં.(૧) ની સાથે ઉચ્ચક જમીનનો રૂ. ૧૪.૨૧,૧૧૧ /– અંકે ચવુદ લાખ એકવીસ હજાર એક સો અગિયારપુરા નકકી કરેલ છે. અને વાદીને આ

કામના પ્રતિવાદી નં.(૧)નાએ કબજા વગરનુ બાનાખત કરી આપવાનુ નકકી કરેલ અને તે વખતે આ કામના પ્રતિવાદી નં.(૧)નાએ વાદીને કહેલ કે જમીન માં બાનાખત કર્યા પછી વાદીને આ કામના પ્રતિવાદી નં.(૧)નાએ રજી.દસ્તાવેજ કરી આપીશુ અને હાલમાં તમો મને જમીન ઉપર પૈસા આપજો એટલે વેચાણ બાનાખત કબજા વગરનુ કરી આપીશુ. તેવુ નકકી કરેલ છે અને વાદીને આ કામના પ્રતિવાદી નં. (૧) નાએ વિશ્વાસ અને ભરોસો આપેલો છે. ઉપરોકત જણાવ્યા મુજબ ખેતીની જમીન આ કામના પ્રા.વાદીનં.(૧) તથા તેમના મળતીયા ઈસમો તથા અમો વાદીને તથા અમારા મીત્રો (સગા સંબધી) દવારા બાનાખત લખાણ નોટરી વકીલશ્રી પાસે આવી ને નોટરી બાનાખત નો કરાર અમો વાદીનેઆ કામના પ્રા.વાદીનં.(૧) નાએ કબજા વગરનુ બાનાખત લખાણ રૂા. ૩૦૦/– સ્ટેમ્પ પેપર લઈને આ લખાણ કરીને જમીન વેચાણ બાનાખત નોટરી સાહેબશ્રી સમક્ષ નોટરી સીરીયલ રજી નંબર ૩૮૧/૨૦૨૩ તારીખ.૧૦/૦૩/૨૦૨૩ ના રોજ આ કામના પ્રતિવાદી નં.(૧)ને અમોએ વાદીની પાસેથી કુલ રકમ રૂા. ૧૪.૨૧,૧૧૧ /– અંકે ચવુદ લાખ એકવીસ હજાર એક સો અગિયારપુરા માંથી અમોએ આ કામના પ્રા.વાદીનં.(૧) ને. જમીન બાના અવેજ પેટે રૂા.૭,૦૦,૦૦૦/– અંકે સાત લાખ પુરા રોકડા આપેલા છે.તે રકમ નો અવેજરૂા.૭,૦૦,૦૦૦/– અંકે સાત લાખ પુરાઆ કામના પ્રા.વાદીનં.(૧)ને મળી ગયેલ છે. અને અમો વાદીનેઆ કામના પ્રા.વાદીનં. (૧) નાએ કબજા વગરનુ બાનાખત લખાણ રૂા. ૩૦૦/– સ્ટેમ્પ પેપર લઈને આ લખાણ કરીને આ નોટરી સાહેબશ્રી સમક્ષ નોટરી સીરીયલ રજી નંબર ૩૮૧/૨૦૨૩ તારીખ. ૧૦/૩/ ૨૦૨૩ ના રોજ વાદી તથા પ્રા.વાદી નં. (૧) નાએ સાક્ષીઓની તમામ પક્ષકારોઓએ સહીઓ નોટરી એડવોકેટ સાહેબશ્રી સમક્ષ કરી આપેલ છે.અને બાકી અવેજ ની રકમ રૂા. ૭,૨૧,૧૧૧/– અંકે સાત લાખ એક વીસ હજાર એકસૌ અગિયાર પુરા રજી. વેચાણ દસ્તાવેજ કરતી વખતે આપવાનુ નકકી કરેલ છે. તે બાનાખત શરતો મુજબ નકકી કરેલ છે. વાદીને આ કામના પ્રતિવાદી નં.(૧)નાએ વિશ્વાસ અને ભરોસો આપીને વાદીને આ કામના પ્રતિવાદી નં.(૧) નાએ બાનાખત વેચાણ અંગે કરી આાપેલ છે. વાદીએ આ કામના

પ્રા.વાદી નં.(૧) ની વચ્ચે અગાઉના નોટરી સીરીયલ નં.૩૮૧/૨૦૨૩ થી બાનાખત થયેલ છે જેમાં ઉચ્ચક રકમ રૂા.૧૪,૨૧,૧૧૧/– નકકી કરેલ છે. જે બાબતે લખાણ કરેલ અને આ કામના પ્રતિવાદી નં.(૧) ને અવેજ રૂા.૭,૦૦,૦૦૦/– અંકે સાત લાખ પુરા રોકડા આપેલા અને તે રકમ પ્રતિવાદી નં .૧ ને મળી ગયેલ છે. બાકીના રૂા.૬,૨૧,૧૧૧/– દસ્તાવેજ કરતી વખતે આપવાનુ નકકી થયેલ છે ત્યારબાદ ફરીથી રકમ બદલાશે ઉચ્ચક રકમ રૂા.૧૩,૫૧,૦૦૦/– કરવા પડશે અને આ કામના પ્રા.વાદીનં. (૧) નાએ રૂા. ૩૦૦/– સ્ટેમ્પ પેપર લઈને આ લખાણ કરીને કબજા સાથે નો અઘાટ વેચાણ બાનાખત નોટરી સાહેબરી સમક્ષ નોટરી સીરીયલ રજી નંબર ૧૪૪૨/૨૦૨૩ તારીખ.૦૧/૯/ ૨૦૨૩ ના રોજ વાદી તથા પ્રતિવાદી નં.(૧) નાએ સાક્ષીઓની તમામ પક્ષકારોઓએ સહીઓ નોટરી એડવોકેટ સાહેબશ્રી સમક્ષ કરી આપેલ છે તે માટે અમો વાદીને આ કામના પ્રતિવાદી નં.(૧) ને વચ્ચે ફરીથી લખાણમાં ઉલ્લેખ કરીને ઉચ્ચક રકમ રૂ. ૧૩,૫૧,૦૦૦/– યાને તેમાં અગાઉના નોટરી સીરીયલ નં.૩૮૧ /૨૦૨૬ તા.૧૦/૩/૨૦૨૩ના રોજ લખાણ ઉલ્લેખ કરેલ છે અને કુલ અવેજ રકમ રૂા. ૧૪,૫૧૦૦૦/–માંથી તે અમો વાદીએ આ કામના પ્રતિવાદી નં.(૧)ને રકમ રૂા.૭૦૦,૦૦૦/– રોકડા આપેલ છે. તેવુ લખાણ કરી આપેલ છે અને પરતુ વાદીને આ કામના પ્રતિવાદી નં.(૧)નાએ કહેલ કે જમીન માપણી કરતા જમીન કયારી હે. ૦–૦૩–૦૪ આરે મારી જમીન ઓછી છે. આમ, કુલ રકમ રૂા. ૧૩,૫૧,૦૦૦/– અંકે તેર લાખ એકાવન હજાર પુરા કબજા સાથે નો અઘાટ વેચાણ બાનાખત નોટરી સાહેબશ્રી સમક્ષ નોટરી સીરીયલ રજી નંબર ૧૪૪૨ / ૨૦૨૩ તારીખ .૦૧ /૯/ ૨૦૨૩ ના રોજ વાદી તથા પ્રા.વાદી નં. (૧) નાએના અવેજ બાકી અમોએ આ કામના પ્રા.વાદીનં.(૧) ને. અવેજ રકમ રૂા. ૬,૫૧,૦૦૦/– અંકે છ લાખ એકાવન હજાર પુરા રોકડા અવેજ રકમ આપીને તે રકમ સ્વીકારેલ છે. અને વાદીએ આ કામના પ્રા.વાદી નં.(૧)નાએ સાક્ષીઓની હાજરીમાં તમામ પક્ષકારીઓ સહીઓ લખાણ ઉપર કરીને નોટરી એડવોકેટ સાહેબશ્રી સમક્ષ સહી સીકકો કરીને કરી આપેલ છે અને પંરતુ અમો વાદીને આ

કામના પ્રા.વાદીનં. (૧) કબજો ભોગવટો આપેલ નથી અને અમો વાદીએ આ કામના પ્રા.વાદીનં.(૧) ને. અવેજ કુલ રકમ રૂા. ૧૩,૫૧,૦૦૦/- અંકે તેરલાખ પુરા રોકડા આ કામના પ્રા.વાદીનં.(૧) ને રોકડા મળી ગયેલ અને થોડા સમય પછી વાદીએ આ કામના પ્રા.વાદીનં.(૧) ને વેચાણ દસ્તાવેજ કરી આપશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલો છે. આમ ઉપરોક્ત પેરા નં. (૨) માં જણાવ્યા મુજબ દાવાવાળી જમીન માટે અમો વાદી ફરીથી પ્રા.વાદીનં.(૧)ને મળેલા ત્યારે વાદી આ કામના પ્રા.વાદીનં.(૧) કહેતા હતા કે અત્યારે સમય નથી પછી તમોને રજી.દસ્તાવેજ કરી આપીશુ અને તેવો ખોટા ખોટા વાયદા કરીને સમય વીતાવી રાખેલ છે. અવાર નવાર આ કામના પ્રા.વાદીએ વાદીને રૂબરૂ મળેલા અને તમોને તમામ અવેજ મળી ગયેલ છે. અને રજી.વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે દાવાવાળી જમીન કબજો સોપવાનુ કહેતા હતા કે તો આ કામના પ્રા.વાદીએ અને અમોએ કહેલ હું થોડા દસ્તાવેજ કરીને તે વખતે કબજો સોંપીશ આ કામના પ્રતિવાદી નં.(૧)નો હાલ માં પાક ઉભો છે એટેલે કબજો નહી આપુ અને પછી દસ્તાવેજ કરી આપીશ અને વાદીએ આ કામના પ્રતિવાદી નં.(૧)ની ઉપર વિશ્વાસ અને ભરોસો રાખેલ છે. ત્યારબાદ પણ અનેક વાર વાદીનાઓ દ્વારા પ્રયત્ન કરવામાં આવેલ પરંતુ પ્રતિવાદીનાઓ પછી દસ્તાવેજ કરી આપીશ તેમ કહેતા તે પછી વાદી પ્રતિવાદી નં.(૧) ના ઘરે ગયેલા અને કહેલ કે તેઓએ તમામ અવેજ રકમ આપી દીધેલ છે જેથી વાદી ઉપર આ કામના પ્રા.વાદી નં.૧ અને તેમના ઘરના સભ્યો ઉશ્કેરાઈ ગયેલા અને બિભત્સ ગાળો બોલતા હતા અને આ કામના પ્રતિવાદી નં.(૧) અન્ય ઈસમોને સદર તકરારી જમીન વેચી દેશે તેવા જાસા બોલતા હતા જેથી ડરીને વાદી પાછા આવતા રહેલ. આમ સદર જમીન બાબતમાં વાદીનાઓએ અવેજ ચૂકવી આપેલ છતા આ પ્રકારે છેતરપીંડી અને વિશ્વાસઘાત પ્રતિવાદીનાઓએ કરેલ છે. દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદી નં.(૧) નાએ આ કામના પ્રતિવાદી નં.(૨) રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૪૩ /૨૦૨૪ તા.૩૦/૧/૨૦૨૪ થી પ્રતિવાદી નં.(૨) નામે ચાલે છે. અને આ કામના પ્રા.વાદીઓ અન્ય કોઈ પણ

ઈસમોને વેચાણ, ટ્રાન્સફર,બક્ષીસ કે બોજા કે લોન લે નહી કે દાવાવાળી જમીન આ કામના પ્રા.વાદીઓ કે અન્ય કોઈ પણ ઈસમોને વેચાણ, પાવર ઓફ એટની થી પણ ટ્રાન્સફર કરે કરાવે નહી કે દાવાવાળી જમીન કોઈને ભાડે, ગીરો કે સાઢે આપે નહી કે દાવાવાળી જમીન કબજો અન્ય કોઈ પણ ઈસમને ટ્રાન્સફર કરે કરાવે નહી તે માટે અમો વાદીના લાભમાં આ કામના પ્રા.વાદીની વિરુધ્ધમાં કામચલાઉ મનાઈ હુકમ આપવા માટે હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) વાદીએ પોતાની અરજીના સમર્થનમાં આંક-૦૩ વાળા દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નિશાની ૩/૧ થી ૩/૮ સુધીના દસ્તાવેજો રજૂ રાખેલ છે. જે નિશાની ૩/૧ થી મોજે મલીયાતજ, તા.વસો, જિ.ખેડાના સર્વે નં. ૫૨૪ની ગામ નમુના નં.૭ની નકલ, નિશાની ૩/૨ થી મોજે મલીયાતજ, તા.વસો, જિ.ખેડાના ખાતા નં.૭૦૧ની ગામ નમુના નં. ૮-અ ની નકલ, નિશાની ૩/૩ થી મોજે મલીયાતજ, તા.વસો, જિ.ખેડાના ફેરફાર નોંધ નં. ૨૨૪૫ ની નમુના નં. ૬ ની નકલ, નિશાની ૩/૪ થી બાનાખત કરાર, નિશાની ૩/૫ થી બાનાખત કરાર, નિશાની ૩/૬ થી રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૪૩/૨૦૨૪ ની નકલ, નિશાની ૩/૭ થી તકરારી કેસ નં. ૩૧/૨૦૨૪ ની પ્રાન્ત અધીકારીના હુકમની નકલ, નિશાની ૩/૮ થી મોજે મલીયાતજ, તા.વસો, જિ.ખેડાના ફેરફાર નોંધ નં. ૧૯૦૯ ની નમુના નં. ૬ ની નકલ રજૂ છે.

(૩) વાદીની અરજી અન્વયે પ્રતિવાદીને નોટીસ ઇશ્યું કરતા, સદરહું નોટીસ પ્રતિવાદીને ધારાસર બજી જતાં છેલ્લા ઘણા સમયથી હાલનો દાવો પ્રતિવાદી આંક-૫ ની દલીલો માટે પડતર રહેલ હોય વાદીપક્ષે આંક- ૧૪ થી પોતાની દલીલ રજૂ રાખેલ છે તથા પ્રતિવાદી નં-૧ અને ૨ નો આંક-૫ ની દલીલો બંધ કરવાની અરજી આથી ન્યાયના વિશાળ હિતમાં મંજુર કરવામાં આવે છે.

(૪) વાદી પક્ષના વિ.વ.શ્રીની વિગતવારની દલીલો સાંભળી, જેમાં વાદી તરફે તેમની આંક-૫ ની અરજી મુજબની દલીલો તેમના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે જેમાં તેઓએ વાદી તેમના પ્રથમદર્શનીય કેસ સાબિત કરવામાં સફળ

રહેલ હોય તેમજ વચગાળાનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ હોય તેમજ સગવડતાની સમતુલ્ા પણ તેમના તરફે ખોરવાઈ જાય તેમ હોય તેઓની હાલની અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) ત્યારબાદ પ્રતિવાદી તરફે તેમના વિ.વ.શ્રીએ મૌખિક કે લેખીત દલીલો કરેલ નથી. તેઓનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) વાદીઓએ રજૂ કરેલ દાવા અરજી તથા દસ્તાવેજી પુરાવા તથા વાદી પક્ષના વિ.વ.શ્રીની દલીલો ધ્યાને લેતા, હાલની અરજીના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય તેમ છે.

– **<u>મુ દ્ધા ઓ</u>** –

(૧) શું વાદીઓ પુરવાર કરે છે કે, વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું વાદીઓ પુરવાર કરે છે કે, સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે?

(૩) શું વાદીઓ પુરવાર કરે છે કે, વાદીઓને માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે?

(૪) શું હુકમ ?

(૮) ઉપરોક્ત મુદ્ધાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) આખરી હુકમ મુજબ

– **<u>કા ર ણો</u>** –

(૯) **<u>મુદ્ધા નં. ૧ થી ૩–</u>**

હાલના કામે ઉપસ્થિત થયેલ ઉપર મુજબના ૩ મુદ્ધાઓની એક સાથે ચર્ચા કરતા નોંધવાનુ કે વાદી તા.૨૦/૦૬/૨૦૨૪ ના રજ હાલનો દાવો તથા

મનાઇ હુકમની અરજી લાવેલ છે. જેમાં તેઓએ તેવી વિગત જણાવેલ છે કે, દાવાવાળી મિલકત કે જે પ્રતિવાદી નં. ૧ નાએ વેચાણ દસ્તાવેજ નં. ૬૬૪/૨૦ થી ખરીદ કરેલ છે અને આ મિલકત તેઓએ વાદીને વેચાણ આપવા અંગેનો બાનાખતનો કરાર નોટરી રૂબરૂ કરેલ છે. આ કરાર અમલમાં હોવા છતાં પ્રતિવાદી દાવાવાળી મિલકત અન્યને વેચાણ કરવાનો પ્રયત્ન કરી રહેલા હોય. હાલના દાવાનો આખરી ન્યાય નિર્ણય ન થાય ત્યાં સુધી કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવાની વિનંતી કરેલ છે. દાવાનુ રેકર્ડ તથા રજુ પુરાવો ધ્યાને લેતા હાલના કામે પ્રતિવાદી નં. ૧ નાઓએ હાલના અરજીનો કોઇ જવાબ રજુ રાખેલ નથી. તેમજ પ્રતિવાદી નં. ૧ નાએ સદર દાવાવાળી મિલકત પ્રતિવાદી નં. ૨ નાઅને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં. ૧૪૩/૨૦૨૪ થી સદર દાવાવાળી મિલકત વેચાણ કરેલ છે.

(૧૦) વધુમાં નિશાની ૩/૪ તથા ૩/૫ વાળો બાના ખત વંચાણે લેતાં સદર દાવાવાળી મિલકત વાદીને વેચાણ આપવા અંગેનો પ્રતિવાદી નં. ૧ નાએ બાના ખતનો કરાર કરેલ હોવાનુ જણાઇ આવે છે. આમ વાદી તથા પ્રતિવાદી નં. ૧ વચ્ચે થયેલ કરાર મુજબની શરતો વાદી પાલન કરવા ખુશી અને તૈયાર છે. તેમ છતાં પ્રતિવાદી નં. ૧ નાએ દાવાવાળી મિલકત પ્રતિવાદી નં. ૨ નાને વેચાણ કરેલ છે. હવે જો સદર મિલકત પ્રતિવાદી નં. ૨ અન્ય કોઇને વેચાણ કરે તો વાદીને નાહકના દાવાદુવીમાં ઉતરવું પડે અને મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સમાં ઉતરવુ પડે. આ તમામ બાબતો ધ્યાને લેતા રજુ પુરાવા પરથી વાદીઓ પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાય આવે છે. તેમજ સદર મિલકત અન્ય કોઇને વેચાણ કે તબદીલ થાય તો વાદીની સગવડની સમતુલા પણ જોખમાય તેમ છે. અને ઉપર ચર્ચા કરી તે મુજબ વાદીને મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગમાં ઉતરવુ પડે અને જેમા નાણાંથી ભરપાઇ ન થઇ શકે તેવુ પારાવાર નુકશાન જવાની પણ પુરે પુરે સંભાવના છે. જેથી મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયના હીતમાં ઉચિત જણાય છે.

**:: આ ખ રી હુ ક મ ::**

(૧) આથી વાદીની આંક–૫ વાળી કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવાની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) મોજે ગામ મલીયાતજ તા.વસો, જી.ખેડા સીમ ખાતા નં. ૭૦૧(જુનો ખાતા નં. ૬૬૨) થી આવેલ સર્વે નંબર. ૫૨૪ જેના કયારી હેકટર ૦–૭૦–૮૨ પો.ખ.અ.હેકટર ૦–૦૩–૦૪ કુલ ક્ષેત્રફળ, હેકટર ૦–૭૩–૮૬ આરે તે પૈકી હેકટર ૦૦–૩૬–૦૦ આકાર રૂા.૫.૦૦ પૈસાવાળી ખેતી વિષયક જમીન આવેલી છે કે જે પ્રતિવાદી નં. (૧) નાએ આ કામના પ્રતિવાદી નં. (૨) ને રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૪૩/૨૦૨૪ તા.૩૦/૧/૨૦૨૪ થી વેચાણ આપેલ છે તે દાવાવાળી જમીન પ્રતિવાદીઓને દાવાના આખરી ન્યાય નિર્ણય સુધી અન્ય કોઇ પણ ઇસમોને વેચાણ, ટ્રાન્સફર બક્ષીસ કે બોજો કે લોન કે પાવર ઓફ એટર્ની ભાડે કે ગીરોથી ટ્રાન્સફર કરવા કરાવવા સામે વચગાળાનો મનાઇ હુકમ આપવામાં આવે છે.

(૩) હાલની અરજીનો ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

હુકમ આજ તા.૦૬ ઠી, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

વસો.
તા.૦૬/૦૨/૨૦૨૬.

(સૌમિત્ર સુબોધભાઇ ત્રિવેદી)
મુખ્ય સિવિલ જજ, વસો.
જીજે૦૧૪૨૫.